## હારીજ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી

***15/3/380 શ્રી દિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા):– માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ હારીજ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની પ્રથમ તબક્કાની કામગીરી ક્યારે કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ હારીજ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની પ્રથમ તબક્કાની કામગીરી તા.૧૦/૦૮/૨૦૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે. યોજના પર કુલ રૂ.૧૮૬૧.૭૨ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) | ઉકત સ્થિતિએ ઉકત કામગીરી થયેલ નગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈન ઉભરાતી હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૨) | હા, જી. |
| (૩) | જો હા, તો તેના કારણો શા છે, અને | (૩) | નગરપાલિકા વિસ્તારમાં ચાણસ્મા–રાધનપુર હાઈવે વિસ્તૃતિકરણના કારણે મુખ્ય લાઈન અસરગ્રસ્ત થયેલ છે. |
| (૪) | નગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈન ઉભરાવાથી ગંદકી ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટરની ફરિયાદોનું નિરાકરણ માટે નગરપાલિકા દ્વારા વાર્ષિક નિભાવણીનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. જેઓ મારફતે રજૂ થતી ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં ભુગર્ભ ગટર યોજના (ભાગ–૨)નો અંદાજિત રકમ રૂ.૧૯૧૪.૯૮ લાખનો ડી.પી.આર સૈધ્ધાંતિક મંજુરી હેઠળ છે, જેમાં હયાત નેટવર્કની સુધારણાની કામગીરીનો સમાવેશ કરેલ છે. |

-----------